# રાંધેજામાં જમીનના ઝઘડામાં એકનુ મોત નિપજાવાના કેસમાં ત્રણને આજીવન

## રાંધેજામાં તાજુદદીન બાવાની દરગાહમાં કવ્વાલીના કાર્યક્રમમાં મામાએ ભાણિયા પર દાંતી અને છરી વડે હુમલો કર્યો હતો

ગાંધીનગર તા ૨૬

રાંધેજા ગામમાં જમીનના ઝઘડામાં મામાએ સગા ભાણિયાને દાંતી અને છરી મારી મોતને ઘાટ ઉતારવાના કેસમાં ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટે ત્રણ આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૧૧ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ રાંધેજામાં તાજુદદીન બાવાની દરગાહમાં કવ્વાલીનો પ્રસંગ હતો. આ દરમિયાન આરોપી યુનુસ ઉસ્માન મનસુરી, ઐઝાઝ યુનુસ મન્સુરી તેમજ આરોપી રીયાજ મનસુરીએ જમીનના ઝઘડામાં સિરાજ અકબર મનસુરીને માર માર્યો હતો. આરોપીઓએ દાંતી અને છરી વડે હુમલો કર્યો હતો. આ દરમિયાન વચ્ચે દરમિયાનગીરી કરતા પ્રતિકસિંહ તેમજ ઐયુબભાઇ રહેમાન મનસુરીને પણ આરોપીએ માર માર્યો હતો. જયારે ગંભીર ઈજાઓ થવાના લીધે સિરાજભાઈનુ મોત નિપજયુ હતુ. આ મામલે પેથાપુર પોલીસ સ્ટેશને ફરિયાદ દાખલ થતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી. સરકારી વકીલે કોર્ટ સમક્ષ જણાંવ્યુ હતુ કે આરોપીઓએ જમીનના ઝઘડામાં એક સંપ થઇ તાજુદીન બાવાની દરગાહ પર કવ્વાલીનો કાર્યક્રમ હતો તે દરમિયાન તિક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી સગા ભાણિયાનુ મોત નિપજાવ્યુ હતુ. જયારે અન્ય બે વ્યકિતને ઈજાઓ પણ પહોંચાડી હતી.

આ કેસમાં આરોપીઓન સખત કેદની સજા કરવા પણ કોર્ટ સમક્ષ દલીલો કરી હતી. સરકારી વકીલની દલીલો તેમજ ડોકટર, એફ એસ એલના અધિકારીની જુબાની તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાની સહીતના પુરાવાઓને ધ્યાને લઈ આ કેસના ત્રણેય આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા માટે હુકમ કર્યો છે. આ ઉપરાંત આરોપીઓને રૂ ૫ હજારનો દંડ તેમજ દંડ ન ભરે તો વધુ ૬ માસની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

# શહેરમાં કૂતરાના પંજામાંથી મોરને છોડાવાયો પણ બચાવી ના શકાયો

## મોર્નિંગ વૉક કરવા નીકળેલા નાઝાભાઈ ધાંધરનો રખડુ કૂતરાઓના પંજામાંથી મોરને છોડાવવાનો સંવેદનશીલ પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર એ માત્ર રાજ્યની રાજકિય ગતિવિધિઓનું કેન્દ્ર નથી પરંતુ આ શહેરમાં સંવેદનશીલ નગરજનો વસવાટ કરી રહ્યાં છે. અહીં નગરજનોની સંવેદનશીલતાને કારણે મહાનગર પાલિકાને એવા જ સંવેદનશીલ નગરસેવકો પણ પ્રાપ્ત થયાં છે. શહેરના વોર્ડ નં. ૬ના નગરસેવક નાઝાભાઈ ધાંધરે ભારતના રાષ્ટ્રીય પક્ષી મોરને સવારના પ્હોરમાં રખડતા કૂતરાંઓનો નાસ્તો બનતા અટકાવવા સાથે તેનો જીવ બચાવવા કરેલી કોશિષે તેમની અનેરી જીવદયાનો પરચો આપ્યો છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રખડતાં કૂતરાંઓનો ત્રાસ માઝા મુકી રહ્યો છે. કારણ વગર વાહનચાલકોને ભસવુ-પાછળ પડવુ જેવી ઘટનાઓ શહેરમાં દરેક સેક્ટરમાં સામાન્ય બની ચુકી છે. વળી, ગાંધીનગર એક હરિયાળુ શહેર હોવાને કારણે અહીં વિવિધ પંખીઓનો પણ મોટા પ્રમાણમાં વસવાટ છે. જે કૂતરાઓને માટે ઘણીવાર મિજબાનીનું કારણ બની જાય છે. આવી જ એક મિજબાની માણવાનો પ્રયાસ કરી રહેલા સેક્ટર-૮ના બિરસામુંડા ભવન સામેના માર્ગ પર વહેલી સવારમાં ત્રણ-ચાર કૂતરાંઓને હાથે દેશનું રાષ્ટ્રીય પક્ષી મોર ચઢી જતા બેદર્દીથી તેના પર તુટી પડ્યા હતા. બરાબર આ સમયે જ વોર્ડ નં. ૬ના નગરસેવક નાઝાભાઈ ધાંધર તેમના દરરોજના નિત્ય ક્રમ મુજબ મોર્નિંગ વૉક લેવા નિકળ્યા હતા. તેમણે જોયું કે કૂતરાંઓ મોરને પીંખવાની કોશિષ કરી રહ્યા હતા આથી એક પળ પણ ગુમાવ્યા વિના તેમણે હાકોટો કરી કૂતરાંઓને ભગાડવા કોશિષ કરી હતી. તેમનો હાંકોટો સાંભળી એક ડાઘિયો મોરને મોંમા પકડી ભાગ્યો હતો આથી નાઝાભાઈએ તેની પાછળ દોડી એ કૂતરા પાસેથી મોરને છોડાવ્યો હતો.

અત્યંત દયનીય હાલતમાં તરફડીયા મારતા મોરને જોઈ તેમણે પોતાના હાથોમાં ઉઠાવી લીધો અને તુરંત મદદ માટે ફાયરબ્રિગેડને ફોન કરી સતર્ક કરી હતી. આ સાથે વિના વિલંબે પોતાની કારમાં મોરને લઈ જાતે જ ફાયરસ્ટેશને પહોંચી ગયા હતા જ્યાં ફરજ પરના ફાયર અધિકારીઓએ મોરની સારવાર માટે પક્ષી સારવાર કરતા તબીબ કે સંસ્થાઓનો સંપર્ક સાધવા પ્રયાસો હાથ ધર્યા હતા. જો કે આ દરમ્યાન મોરની હાલત અત્યંત ગંભીર હોઈ તેનું કરૂણ મોત નીપજ્યું હતું. પોતાના પ્રયાસો છતાં રાષ્ટ્રીય પક્ષીને બચાવી ના શકવાથી નાઝાભાઈ ધાંધર ગમગીન થઈ ગયા હતા. સમગ્ર ઘટનાએ એક નગરસેવક તરીકે નાઝાભાઈની સંવેદનશીલતાનો પરિચય આપ્યો છે. ખરેખર સલામ છે ગાંધીનગરને અને સલામ છે આવા સંવેદનશીલ નગરસેવકને..!!!



# એસએસવી કેમ્પસ ખાતે ધો. ૧૧ સાયન્સમાં પ્રવેશ માટે ધસારો

## જેઈઈ-નીટ જેવી મહત્વની કારકિર્દીલક્ષી પરીક્ષાઓની તૈયારીઓ શિક્ષણ સાથે આવરી લેવાતા વાલીઓની પસંદગીનું કેન્દ્ર બન્યું



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સેક્ટર-૩માં વિકાસ પામેલ એસએસવી શિક્ષણ સંકુલ ખૂબજ ટૂંકા ગાળામાં શહેરના વિદ્યાર્થીઓ-વાલીઓના વિશ્વાસનું કેન્દ્ર બન્યું છે. એમાં પણ જેઈઈ તથા નીટની પરીક્ષાઓની તૈયારીઓમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શનને કારણે એસએસવી કેમ્પસ યશલ્વી નામના પ્રાપ્ત કરી રહ્યું છે. હાલ આ શિક્ષણ સંકુલમાં ધોરણ-૧૧ સાયન્સ પ્રવાહમાં એડમિશન માટે વાલીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

દિવસમાં બે વાર શિક્ષણ આપવાની પદ્ધતિના કારણે ટ્યુશન પ્રથા કે કોચિંગ ક્લાસીસનો છેદ ઉડાડી ઝડપભેર લોકચાહના પ્રાપ્ત કરી રહેલ એસએસવી કેમ્પસમાં હાલ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતર માટે અતિ મહત્વની એવી જેઈઈ તથા પ્રિ-મેડીકલ એક્ઝામ નીટ વગેરેનું પણ કોચિંગ આપવાના કારણે વાલીઓ તથા વિદ્યાર્થીઓમાં એસએસવી કેમ્પસ પ્રત્યેનો ઝુકાવ વધી રહ્યો છે. દરેક વિષયના નિષ્ણાંત શિક્ષકો સાથે ટ્રાન્સપોર્ટ સુવિધા, સીબીએસઈ લેવલનો અભ્યાસક્રમ, ક્લાસમાં મર્યાદિત વિદ્યાર્થી સંખ્યા, દર મહિને વાલી મિટીંગ જેવી ખાસિયતોના કારણે પણ આ સંકુલ શહેરના વાલીઓમાં પસંદગીનું કેન્દ્ર બની રહ્યું છે. આ કારણે હાલ એસએસવી કેમ્પસ ખાતે ધો. ૧૧ સાયન્સના એડમીશન માટે વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

# જિલ્લા શિક્ષણાધિકારી સંવર્ગના ૧૫ અધિકારીઓને બઢતી

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યના ૧૫ જેટલા જિલ્લા શિક્ષણાધિકારી સંવર્ગના અધિકારીઓને શિક્ષણ નાયબ નિયામક તરીકે બઢતી આપવામાં આવી છે.

| નામ | હાલની જગ્યા | બઢતીની જગ્યા |
|---|---|---|
| એમ.કે. રાવલ | જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ, ગ્રામ્ય | નાયબ શિક્ષણ નિયામક પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર |
| ડી.એસ. પટેલ | સંયુક્ત સચિવ માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરા | નાયબ નિયામક આર.એમ.એસ.એ. રાષ્ટ્રિય માધ્યમિક શિક્ષા અભિયાન ગાંધીનગર |
| સુશ્રી ડી.જી. જોષી | સંયુક્ત નિયામક ગુ.મા.ઉ.મા.શિક્ષણ બોર્ડ ગાંધીનગર | નાયબ નિયામક ઉચ્ચ શિક્ષણ કમિ. કચેરી, ગાંધીનગર |
| બી.સી. સોલંકી | જિ. પ્રાથમિક શિક્ષણાધિકારી કચ્છ | સચિવ ગુ. શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર |
| બી.એન. રાજગોર | વહીવટી અધિકારી પ્રા.શિ. નિયામક કચેરી, ગાંધીનગર | સંયુક્ત નિયામક ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર |
| આર.આર. પટેલ | જિ.પ્રા. શિક્ષણાધિકારી રાજકોટ | નાયબ નિયામક પ્રા.શિક્ષણ નિયામક કચેરી, ગાંધીનગર |
| પી.કે. ત્રિવેદી | જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી આણંદ | સચિવ ડી.પી.ઈ.પી. સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર |
| એસ.પી. ચૌધરી | જિ. શિક્ષણાધિકારી આણંદ | નાયબ નિયામક પ્રા.શિ. નિયામક કચેરી, ગાંધીનગર |
| વી.આર. દેસાઈ | નાયબ નિયામક ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ | નાયબ નિયામક પ્રોજેક્ટ અધિકારી, ગુ.શૈ.સં. અને તાલીમ પરિષદ |
| આર.આઈ. પટેલ | સચિવ ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર | સચિવ ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ |
| આર.કે. પટેલ | જિ. શિક્ષણાધિકારી બનાસકાંઠા | નાયબ નિયામક કમિશનર ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર |
| આર.જે. માછી | જિ. શિક્ષણાધિકારી ભરૂચ | પ્રાચાર્ય જી.બી.ટી.સી. રાજપીપળા |
| જે.કે. વીસીયા | જિ. શિક્ષણાધિકારી રાજકોટ | પ્રાચાર્ય આર.જી.ટી. સરકારી બી.એડ. કોલેજ, પોરબંદર |
| એ.કે. રાઠોડ | જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ | નાયબ નિયામક કમિશનર શાખાઓની કચેરી, ગાંધીનગર |
| બી.કે. ત્રિવેદી | જિલ્લા શિક્ષણાધિકારી સાબરકાંઠા | નાયબ નિયામક કમિશનર શાખાઓની કચેરી, ગાંધીનગર |

## અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરખાસ્તના અંતે પણ વિભાગ દ્વારા કોઇ નિર્ણય ન લેવાતા હજુ સુધી આ પ્રોજેકટ અભ્યાસુ તબક્કામાંથી બહાર આવી શકયો નથી.શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઇનનુ કામ હાથ ધરવા માટે હજુ સુધી કોઇ કામગીરી થઇ નથી. થોડા સમય અગાઉ તંત્ર દ્વારા શહેરના સેકટરોમાં રીંગ રોડ સહીતના વિસ્તારમાં આ કામગીરી માટે જરૂરી સર્વે હાથ ધરવા માટે એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. પરંતુ ૬ મહીનાના અંતે પણ સર્વેની કામગીરી પુર્ણ થઇ શકી નથી. એજન્સીની બેદરકારીના લીધે હજુ સર્વેનો રીપોર્ટ તંત્ર સમક્ષ રજુ કરવામાં આવ્યો નથી. સેકટરોમાં પાણી ગટર તેમજ ઈલેકટ્રીક અને ટેલીફોન લાઇનના કેબલ સહીતની અનેક યુટીલીટીઝ લાઇન પસાર થતી હોવાથી વરસાદી પાણીના નિકાલની કામગીરી હાથ ધરતા પુર્વે જરૂરી અભ્યાસ કરવો અનિવાર્ય હોવાથી આ માટે તંત્ર દ્વારા એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. પરંતુ નિયત સમયના અંતે એજન્સી દ્વારા તંત્રને સર્વેનો રીપોર્ટ સુપ્રત કરવામાં આવ્યો નથી. અલબત્ત સ્ટોર્મ વોટર લાઇન માટેનો સર્વે હજુ પણ અધ્ધરતાલ છે. તંત્ર દ્વારા પણ ટુંકમાં એજન્સીને નોટીસ આપવામાં આવશે.

## પોરા મળી આવ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્વેલન્સમાં જ ૫૦ જેટલા સ્થાનોએથી ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરોના પોરા મળતાં હવે તંત્ર દ્વારા આગામી દિવસોમાં જનજાગૃતિ અભિયાન પણ છેડવામાં આવનાર છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વાહકજન્ય રોગચાળો વકરે તે પહેલાં જ પ્રી. મોન્સુન એક્ટીવીટી ચાલુ કરી દેવામાં આવી છે. જે આગામી દિવસોમાં વધુ સઘન બનાવવામાં આવશે.

તંત્રએ કન્સ્ટ્રકશન સાઈટો પર કામ કરતા મજૂરોનું સ્ક્રીનીંગ કરવાનો પણ નિર્ણય લીધો છે. શહેરમાં વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તારોને પણ અલગ તારવી દેવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. સંવેદનશીલ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ તેમજ સઘન એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવશે.

વરસાદ પહેલાં જ મેલેરિયાના કેસો જણાતાં તંત્ર પરિસ્થિતિ પર સંપૂર્ણ બારીકાઈથી નજર રાખી રહેલ છે અને સઘન કામગીરી માટેની સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે.

## તન-દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

સાહેબ?? જો IUI ની દરેક પ્રોસિજર જંતુ રહિત વાતાવરણમાં થાય તો સારું. અમે સ્પમ વોશ પણ જંતુ રહિત વાતાવરણમાં કરીએ છીએ. અને હા વિક્રમભાઈ, વીર્યનું દરેક ડ્રોપ આ બોટલ માજ ડાઈરેક્ટ લેવાય એનું ધ્યાન રાખજો ખાસ કરીને પહેલું ડ્રોપ - એમાં સ્પમ વધારે હોય છે. સાહેબ, પછી તમે શું પ્રોસેસ કરશો એ જાણી શકું ?? અરે...હા વિક્રમભાઈ, એ જાણવું તમારો હક છે ને અમારી ફરજ. હવે વીર્યમાંથી અમે સ્પમ કોનસનટ્રેટ બનાવીશું. વીર્યમાં રહેલા સ્પમને, અન્ય ઘટકો થી અલગ પડીશું. સાહેબ કેટલો સમય લાગે?? સાહેબે કહ્યું સામાન્ય રીતે ૩૦ થી ૬૦ મીનિટ લાગે. એ સ્પમ કોનસનટ્રેટ અમે તમને પરત કરશું. જે તમારે મેડમ ને આગળની પ્રોસીજેર માટે આપવાનું. વિક્રમભાઈ હવે તમેં બરાબર સમજી ગયા હશો. હા સાહેબ તમારો અભાર.

મેડમ ના કહ્યા પ્રમાણે સાત દિવસ પછી વિક્રમભાઈ એ વીર્ય આપી દીધું. બે કલાક પછી સ્પમ કોનસનટ્રેટ લઈને વિક્રમભાઈ અને નુતન મેડમ પાસે પહોચી ગયા. મેડમે બધીજ તૈયારી કરી દીધી હતી. મેડમે તરત જ જંતુ રહિત કેથેટરની મદદથી સ્પમ કોનસનટ્રેટ ને ગર્ભાશયની કેવીટીમાં દાખલ કર્યા. નુતન બહેન હવે ૧૫ થી ૨૦ મીન સુધી પગ અદ્ધર રાખી ને સુઇ રહો. નુતન બોલી મેડમ આમ દરેક લેડી IUI કરાવી શકે? ના, જેને ફેલોપિયન ટુબ ના રોગ હોય, માસિક સ્ત્રાવ વધારે હોય, સત્તત કમર નો દુખાવો હોય, પેટમાં (pelvic) વારંવાર ઈન્ફેકશન થતું હોય (endometriosis), સંભોગ પછી કાયમ દુખાવાની ફરિયાદ હોય, એવા કેસમાં IUI ના કરવું જોવે. પ્રોસીજર પછી મેડમે નુતનને આનંદમાં રહેવાનું કહ્યું.

પંદર દિવસ પછી માસિકના આવતા નુતાને દવાની દુકાને મળતા કાર્ડની મદદથી પ્રેગ્નેન્સી ટેસ્ટ કર્યો, જેમાં એકજ લાઇન જોઈ ને ફરી હતાશ થઇ ગઈ. દોડતી કાર્ડ લઈ ને મેડમ પાસે પહોચી ગઈ. મેડમ હવે ?? અરે દુખી ના થા...આ કાર્ડ ટેસ્ટ રેલાયેબળ નથી. તારે હજી બે દિવસ પછી B-HCG (B- Human Chorionic Gonadotropin) ટેસ્ટ લોહી માંથી જ કરવાનો. એ વધારે ચોક્કસ છે ૧૦૦% સાચું રીઝલ્ટ આપે છે. જેનાથી પ્રેગ્નેન્સી છે કે નહિ તે ખબર પડે.

બે દિવસ પછી B- HCG 30 mIU/ml આવ્યું જે નોર્મલ રેંન્જ ૧૦ કરતા વધારે હતું. આમ નુતનનો પ્રેગ્નેન્સી રેપોટ પોઝીટીવ આવતા વિક્રમ અને નુતન હરખાઇ ગયા.

હવે આવતા અંકે : TEST TUBE BABY (IVF)

- sgpathlab@gmail.com

# કુવામાં પડેલી બહેનને બચાવવા જતાં બે ભાઈઓએ જીવ ગુમાવ્યો

તલોદ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના વક્તાપુર ગામે ગતરોજ મોડી રાત્રે આત્મહત્યા કરવાના ઈરાદે કુવામાં કુદી પડેલી બહેનને બચાવી લેવા કૂવામાં કુદી પડેલા સગા બે યુવાન ભાઈઓએ જીવ ગુમાવ્યા હતા. જેઓની આજે વક્તાપુર જાણે કે હિબંકે ચડ્યુંહોય તેવાં ગમગીની ભરી માહોલ પેદા થયો હતો. પ્રૌઢ ઉંમરના માવતરના બે - બે યુવાન દિકરાઓને નનામીએ બંધાયેલી હાલતમાં જોતાં તે માવતરના હૈયા કેટલું આક્રંદ કરતા હશે ? તે કલ્પના બહારની વાત છે. આજે વક્તાપુર ખાતે નીકળેલ આ બે વિરલાની જોડની અંતિમયાત્રામાં સેંકડો લોકો ભારેખમ હૈયે ઉમટી પડ્યા હતા. જેઓની હાજરીમાં બંનેના નશ્વરદેહ પંચમહાભૂતોમાં ભળી ગયા હતા. જેમના પરિવાર માટે માત્ર આશ્વાસનો અને નિસાસા સિવાય જાણે કે કાંઇ જ બચ્યું નથી.

તલોદ તાલુકાના વક્તાપુર ગામે ખેત સીમાડામાં પરિવાર સાથે રહેતા મહોબતસિંહ તખતસિંહ ઝાલાની કિશોરવયની દિકરી ગીતાનું ધોરણ-૧૦નું પરિણામ ગતરોજ આવ્યું હતું. જેમાં તે નાપાસ જાહેર થઇ હતી. જીવનમાં અભ્યાસ ક્ષેત્રે મળેલી આ નિષ્ફળતાએ જાણે કે ગીતાબાને મોત માટે મજબુર બનાવી હોય તેમ તેણીએ આત્મહત્યાનો પ્રયાસ કરવા ઘર નજીકના પાણી ભરેલા ખેત કૂવામાં પડતું મૂકીને



અલવીદા કરી લેવાનો પ્રયાસ કર્યો હતો. પોતાની બહેન ધબાકા સાથે કૂવામાં કૂદી પડી હોવાનું જોવા - જાણતાં જ તેણીના બે સગાભાઈ સજ્જનસિંહ મહોબતસિંહ ઝાલા (ઉ.૧૯) અને જાકીરસિંહ મહોબતસિંહ ઝાલા (હરપાલ) (ઉ.૧૭) પળવારનોય વિલંબ કર્યા વિના બહેનને બચાવવા કૂવામાં કુદી પડ્યા હતા. પોતાના ત્રણ - ત્રણ સંતાનો કૂવામાં કુદી પડતા સહજભાવે માવતર તો અવાક્ બની ગયા હતા.

ઘટનાની જાણ થતાં ગામ લોકો કૂવાના કાંઠલે દોડી પહોંચ્યા હતા. જેમાં ગીતાબાનો આબાદ બચાવ થયો હતો. જ્યારે દુર્ભાગ્યે સજ્જનસિંહ અને જાકીરસિંહનું કમકમાટીભરી હાલતમાં કરૂણ મોત નિપજ્યું હતું. જે તમામને તત્કાલ ૧૦૮ સેવા દ્વારા તલોદ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં બંને ભાઈઓને ડૉક્ટરે મૃત ઘોષિત કર્યા હતા. જ્યારે, ગીતાબાને પ્રાથમિક સારવાર આપી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપવાની સલાહ આપી હતી. આજે ગીતાબાની તબિયત ખતરાની બહાર હોવાનું જાણવા મળેલ છે.

# આજે અડવાણી વિકાસ પર્વની રેલી માટે રિવરફ્રન્ટ ખાતે હાજર રહેશે

અમદાવાદ, તા.૨૬

ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન લાલ કૃષ્ણ અડવાણી વિકાસ ગૌરવ યાત્રામાં ભાગ લેનાર છે. અડવાણી આવતીકાલે રિવરફ્રન્ટ ખાતે વિકાસ પર્વમાં ભાગ લેશે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહે તેમ માનવામાં આવે છે. અડવાણીના સ્વાગત માટે પણ તમામ તૈયારીઓ કરી લેવાઈ છે અને તમામ લોકો અતુસ છે. આજરોજ પૂર્વ નાયબવડાપ્રધાન સાંસદ એલ કે અડવાણીનું પ્રદેશના પદાધિકારીઓ, અમદાવાદ મહાનગરના શહેર સંગઠનના આગેવાનો તથા કાર્યકરો દ્વારા એરપોર્ટ ખાતે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અડવાણીએ તેમના આગમન સમયે એરપોર્ટ પર મીડિયાકર્મીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ દેશને એક પ્રમાણિક સરકારનું શાસન પ્રાપ્ત થયું છે.

એનડીએની સરકાર પ્રજાને આપેલા વચનો પુરા કરવાની દિશામાં નક્કર કદમ માંડી રહી છે અને સૌ વચનો પૂર્ણ કરવા કટિબદ્ધ છે. ગાંધીનગરના સાંસદ તરીકે છેલ્લા બે વર્ષમાં કેન્દ્રની એનડીએ સરકાર તથા ભાજપાની રાજય સરકાર દ્વારા પ્રજા કલ્યાણના જે અભૂતપૂર્વ કાર્યો થયા છે તે પ્રજા સમક્ષ મુકવાનું મારુ કર્તવ્ય અદા કરવા મારી આ મુલાકાત છે.

## છપ્પનની છાતી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુલામ નબી આઝાદ અને રણદીપ સૂરજેવાલા દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન મિડિયા સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જે દરમિયાન સુરજેવાલાએ કહ્યું કે, સરકાર બેન્ડવાજાની જાહેરાત ઉપર કરોડો રૂપિયા ખર્ચ કરી ચુકી છે. મોદી સ્તુતિ સરકારનો ચહેરો અને ચરિત્ર્ય બની ગયું છે. ભગવાન અને મહિસા સાથે મોદીની તુલના કરવામાં આવી રહી છે. માત્ર ભાષણમાં જ હોશિંયાર એવા ભાષણવીર મોદી ૨૪ મહિનામાં ક્યારેય કર્મવીર બની શક્યા નથી. તેમણે કહ્યુ હતું કે, દેશનો ખેડૂત બે વર્ષમા દુષ્કાળ અને કમોસમી વરસાદના કારણે દુખી છે. ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. દેશમાં ૪૦ ટકાથી વધુની વસ્તી દુકાળનો પ્રકોપ ઝેલી રહી છે.

સુપ્રીમ કોર્ટે પણ મોદી સરકારને રાજધર્મ યાદ કરાવવો પડ્યો છે. આઝાદે કહ્યું હતું કે, બે વર્ષમાં સરકારે માત્ર વચનો આપ્યા છે અને આ વચનોની સરકાર છે. તેમણે કહ્યું હતું કે, આ સરકારને માત્ર બૂમો પાડતા જ આવડે છે પરંતુ વાસ્તવિક અર્થમાં સરકારે કોઈ કામ કર્યું નથી.